ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*અન્યાયના આક્રોશમાં 'મંદ-શોર' થાય છે,*
*બ્હેરાં તંત્ર સામે લડતનો દોર થાય છે.*
*શોરબકોર જાગે, નિંદ્રામાં થાય છે ખલેલ -*
*બરજોરી, સારે આંસુ પાછા મોર થાય છે...*
*('શિવરાજ' અપવાસની સમાધિમાં...)*

હાઈકુ

*'પ્રવેશોત્સવ'*
*બેસી જાય પંગતે -*
*તૈયાર ભાણે...*
*(સરકારી નાટક)*

*ખેડે જીવન,*
*હત્યા-આત્મહત્યાથી -*
*લાચાર ખેડુ...*
*(સરકારી દમન)*

### ચિંતન

*મન્ત્રસ્ત્રાવી કાર્ય નાશયતી ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જાણભેદુ ભલભલા કાર્યને વિનષ્ટ કરે છે.**

**રાજય કારભારની મંત્રણાઓની વાત કોઈ અન્ય વ્યક્તિને ના કરવી જોઈએ. કારણ કે એ વ્યક્તિ જો જાણભેદુ હોય તો તે શત્રુઓને એની જાણ કરી રાજયની યોજનાને સિદ્ધ થતાં અટકાવે છે.**

**સરકાર - તંત્ર - રાજનીતિમાં ઘણીવાર દગાબાજી અને વિશ્વાસઘાત થતાં રહેતાં હોય છે સમજુ-બુદ્ધિમાન નેતા-રાજનીતિજ્ઞએ રાજનીતિની ગુપ્ત વાતો બધાને કહેવી જોઈએ નહીં. વળી આજતો 'પક્ષપલટું' નો જમાવો છે. ગમે તેવા 'વિશ્વાસુ' પણ ગૂલાંટ મારી શકે છે.**

### સુવિચાર

- આગિયાનો નાનો ઝબુકતો પ્રકાશ અંધકારને ડિસ્ટર્બ કરવા સમર્થ છે તો તે આગિયાની જીત - **સુરેશ દલાલ**
- ઈશ્વરને જાણ છે કે તમને સગાં-સંબંધીઓ આપવામાં એણે ભૂલ કરી છે અને એની માફી તમને સુંદર મિત્રોની સોગાત આપીને માંગી છે - **જ્યોર્જ ફ્રેઝર**
- જયારે માણસ આત્મનિષ્ઠાનું બળ લઈને તેના સહારે જીવવા લાગે છે ત્યારે તેને બહારના કોઈ સહારાની જરૂરત રહેતી નથી - **પ્રણવ ત્રિવેદી**
- તારું અંધારું દે મને, હું તને દિવો આપું, મારામાં આસ્થા તું સ્થાપ, ને હું તારામાં શ્રધ્ધા સ્થાપું - **દિવ્યા મોદી**
- સમય જયારે નાચ નચાવે છે ત્યારે દરેક સંબંધી કોરિયોગ્રાફર બની જાય છે - **મુંબઈ સમાચાર**
- ઘડિયાળની ચાવી ફેરવવાથી ફક્ત સાચો સમય મેળવી શકાય છે, સારો સમય મેળવવા માટે તો એ ઘડિયાળની સાથે ચાલવું પડે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : ખજૂરના ઠળીયાને રાખ કરી ઠંડા પાણી સાથે લેવાથી ઝાડા બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રાજાની ઉંમર થઈ, ધર્મમાં મન પરોવા લાગ્યા. મહેલના પ્રાંગણમાં ભાગવત સપ્તાહ બેસાડી. સાતેય દિવસ કથા સાંભળી પણ કોઈ પરિવર્તન દેખાયું નહીં. એમને લાગ્યું કે આ ધર્મની વાતો ખોટી છે.

એક સાચા સંત રાજાને મળ્યા, 'રાજાએ કહ્યું - કથા, સત્સંગ બધું ગપાટા છે, સાત દિવસ ધ્યાનથી કથા સાંભળી પણ કોઈ પરિવર્તન દેખાતું નથી. હું તો હતો ત્યાંનો ત્યાં જ છું.' મહાત્માએ કહ્યું, 'આવું થવાનું કારણ હું જાણું છું, તમારે એ કારણ જાણવું હોય તો મારી એક શરત મંજૂર કરવી પડશે.' રાજાએ કહ્યું 'હા આપની દરેક શરતો મને કબૂલ મંજૂર છે.' મહાત્માએ કહ્યું, 'એક દિવસ માટે આપનું રાજય મને સોંપી દો.' રાજાએ રાજય સોંપ્યું.

મહાત્માએ ગાદીએ બેસી હુકમ કર્યો. આ રાજાને સામેના થાંભલા સાથે બાંધી દો. અને જે કથાકારે મહેલમાં ભાગવત્ કથા વાંચી હતી તેમને આ બીજા થાંભલા સાથે બાંધી દો.

પછી મહાત્મા એ બંધાયેલા કથાકારને હુકમ કર્યો કે તમે આ રાજાને છોડાવો, બંધનમાંથી મુક્ત કરો.

કથાકાર કહે, 'હું ખુદ જ બંધાયેલો છું તો રાજાને કેવી રીતે મુક્ત કરું?' મહાત્માએ રાજાને કહ્યું, 'રાજન, આ કથાકાર ખુદ જ બંધાયેલા છે તો તે તમને કેવી રીતે મુકત્ કરે? જે મુક્ત હોય તે જ બીજાને બંધનથી મુક્ત કરી શકે. તારેલો તારી શકે. રાજાએ મહાત્માને વંદન કરી જ્ઞાન પ્રાપ્તિ માટે વિનંતી કરી.'

# વોટબેંક પાકી કરવા લોનમાફીનું રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

મધ્યપ્રદેશમાં હિંસક બનેલા ખેડૂત આંદોલનને ઠારવા માટે લોકપ્રિય મુખ્યમંત્રી શિવહારજસિંહ ચૌહાણ સપરિવાર ઉપવાસ પર બેસી ગયા અને બહુ જ જલદી પારણાં પણ કરી લીધાં. મહારાષ્ટ્રમાં શરુ થયેલું ખેડૂત આંદોલન હિંસક સ્વરુપ ધારણ કરે તે પહેલાં જ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દેવામાફીની જાહેરાત કરી દઈ પોતાની સામે આવી રહેલી આંધી સામે રક્ષાકવચ ઊભું કર્યું છે. આ બેઉ કૃષિપ્રધાન રાજયોમાં ખેડૂતો આંદોલન શરુ થયું તેની અસર દેશનાં બીજાં રાજયો પર પણ પડી છે. છત્તીસગઢ, રાજસ્થાન કે પંજાબ અને કર્ણાટક પણ દેવામાફીની ખેડૂતોની માગણીનો સંતોષકારક ઉકેલ આણવાની તૈયારી કરી રહ્યાં છે. શરુઆત ઉત્તરપ્રદેશની ચૂંટણી પૂર્વે અપાયેલ દેવામાફીની ખાતરી સાથે થઈ હતી. યોગી આદિત્યનાથની સરકારે એવું વચન ઈમાનદારપૂર્વક પાળી બતાવીને ખેડૂતોને રાજી કરી દીધા એની સીધી અસર લેખે દેશનાં અન્ય રાજયોમાં કૃષિઋણ માફીની માગણીના મુદ્દે આંદોલનો ચાલુ થઈ ગયાં, જેમને વિપક્ષો ઉપરાંત ખુદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કિસાન પાંખ-ભારતીય કિસાન સંઘનું પણ સમર્થન સાંપડ્યું છે. હવે દેશ આખામાં ખેડૂતોનાં દેવાં માફ કરવાની રાજરમત શરુ થઈ ગઈ છે. એ જુદી વાત છે કે નાણામંત્રી અરુણ જેટલી આ મુદ્દે સ્પષ્ટ નારાજગી ધરાવે છે અને વારંવાર કહેતા રહ્યા છે કે કૃષિ લોન માફી માટે કેન્દ્ર સરકાર કોઈ પણ મદદ કરી શકે એવી સ્થિતિમાં નથી. વિવિધ રાષ્ટ્રીયકૃત બેન્કોએ આશરે સાડા બાર લાખ કરોડનું કૃષિધિરામ કર્યું છે. આટલી મોટી રકમ માંડવાળ કરવાનું ભારત જેવી ઊગતી ઈકોનોમીને પોસાય જ નહીં. પરંતુ હવે કૃષિલોન એ મતબેંક જાળવવા માટેનું હુકમનું પાનું બની ગયું છે. ખેડૂતોની નારાજગી વહોરવામાં ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસ સહિતની કોઈ પણ રાજકીય પાર્ટીને પોસાય એમ નથી. ભારતીય જનતા પાર્ટી મૂળે તો વેપારીઓનાં હિતો જાળવતી રાજકીય પાર્ટી ગણાતી હતી. હરિયાણામાં તો હજી પણ ગઈ ચૂંટણી લગી એના પર 'લાલા પાર્ટી' નું જ લેબલ લાગેલું હતું અને ખેડૂતોના વોટ મેળવવા વિરેન્દ્રસિંહ જેવા ખેડૂતોના અગ્રણી અને કોંગ્રેસી નેતાને સમ્માનપૂર્વક કેબિનેટમાં સામેલ કરવા પડ્યા હતા. ઉત્તરપ્રદેશ સરકારે છત્રીસ હજાર કરોડથી પણ વધારે રકમનું કૃષિધિકાણ માફ કરી દઈ ખેડૂતોનાં દિલ જીતી લીધાં પરંતુ સાથે જ આખા દેશના ખેડૂતોને પોતપોતાની રાજય સરકાર વિરુદ્ધ જુધ્ધે ચડવાની ચાનક પણ ચડાવી. મહારાષ્ટ્ર સરકારે નીચલી અને મધ્યમ કક્ષાના ખેડૂતોનાં દેવાં તાત્કાલિક અસરથી માફ કરવાનો નિર્ણય કરી આવી પડેલી આફત ટાળી છે, અને સમૃદ્ધ ખેડૂતોને પણ અમુક શરતોને આધીન કરફ માફી આપવાનું ઠરાવ્યું છે. ગરીબ અને અમીર ખેડૂતો વચ્ચે આસમાન જમીનનું અંતર છે. મોટા ભાગની જમીન અમીર ખેડૂતોના કબજામાં છે અને કૃષિધિરાણની મોટા ભાગની રકમ આ અમીરો જ મેળવતા રહે છે. એટલે કૃષિલોન માફ કરતી વખતે આ અમીર ખેડૂતોને બિનજરૂરી ફાયદો ન પહોંચે તેની તકેદારી જરૂરી છે. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ચેરપર્સન અરુંધતી ભટ્ટાચાર્ય કહે છે તેમ કૃષિલોન માફ કરવાનો શિરસ્તો ખોટી પરંપરા ઊભી કરી શકે એમ છે. એક વાર લોહી ચાખી ગયેલો વાઘ ફરી ફરી હુમલો કરે જ. આ વખતે જેમને ચૂંટણીમાં ફાયદાની અપેક્ષાએ લોન માફી આપી દેવાશે તે ખેડૂતો ફરી પાછા પાંચ વરસ સુધી નવી ચૂંટણીની રાહ જોતા રહેશે અને સરકારોને સકંજામાં લેતા રહે. ચૂંટણીમાં મતબેંક સલામત કરવા જતાં દેશનું અર્થકારણ જ પાટા પરથી ઊતરી ન જાય તે જોવું જરૂરી છે.

# વિદ્યાર્થીઓમાં રહેલી સદ્વૃત્તિઓને જાગૃત કરે તે શિક્ષક




''તમને સસ્પેન્ડ કરવામાં આવે છે.'' આચાર્યશ્રીએ ચંન્દ્રકાન્તભાઈની સર્વિસબુક તપાસતાં કહયું હતું.

એમનું નામ ચન્દ્રકાન્ત કુલકર્ણી. પરંતુ ગામ આખુ ચન્દ્રકાન્તમાસ્તરના નામે ઓળખે. ગામમાં માસ્તરની શાખ. વિદ્વાન અને પ્રામાણિક. સૌ આદર કરે. બધા માન આપે. ગામની ત્રણ પેઢી તેમણે ભણાવેલી. ગામના નાના મોટા પ્રશ્નો હલ કરવામાં ચન્દ્રકાન્ત માસ્તરની ભૂમિકા હોય અને સમાધાન કરાવી આપે. બન્ને પક્ષો રાજી રાજી.પરંતુ તે દિવસે આચાર્યનું વિધાન સાંભળીને માસ્તરના પગ નીચેથી જમીન ખસવા માંડી.

''પણ સાહેબ...''

આચાર્ય તાડુકીને બોલ્યા : ''તમને કાલથી સસ્પેન્ડ કરવામાં આવે છે.''

''પણ સાહેબ...'' ચન્દ્રકાન્ત માસ્તરે સમજાવવાનો પૂરતો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ.

''તમને ખબર હોવી જોઈએ કે આપણે કયો વ્યવસાય કરીએ છીએ. શિક્ષક માટે તો દરેક વિદ્યાર્થી પોતાના સંતાન કરતાંય અધિક હોય... એક શિક્ષક થઈને તમે... બાળકીની છેડતી કરી ? છી... છી... છી... આપણા વ્યવસાયની પવિત્રતાને તમે અભડાવી દીધી.''ચન્દ્રકાન્ત માસ્તરે બે હાથ જોડી નમ્રતાથી કહયું, ''મને સાંભળો તો ખરાં...''

''હવે કાંઈ ન થાય.'' આચાર્યએ કરડાકીથી કહયું,અને ઉમેર્યુ, ''છોકરીના વાલીએ પોલીસ ફરિયાદ પણ કરી દીધી છે અને ટ્રસ્ટીઓએ નિર્ણય પણ લઈ લીધો છે.''

માસ્તરને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા. જિંદગીમાં પહેલીવાર માસ્તરે પોલીસસ્ટેશન જોયુ.માસ્તરને જોતાંની સાથે જ ઈન્સ્પેકટર ખુરશીમાંથી ઊભો થઈ પગે લાગ્યો. છોકરી અને એનો બાપ પોલીસ સ્ટેશનમાં પહેલેથી જ બેઠાં હતા. ચન્દ્રકાન્તમાસ્તર ને છોકરીની આંખો મળી. છોકરી બાપ જેવા ગુરુજીને જોઈને ગળગળી થઈ ગઈ. હંમેશા પ્રેમ વરસાવનાર પર આરોપ કેમ કરી મૂકવો? છોકરીથી રેવાયુ નહિ. તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. રડતાં રડતાં બોલી 'સાહેબ, મને માફ કરો.મારી કોઈએ છેડતી કરી નથી. આ તો પેલા ...ટયુશનવાળા ...સાહેબના કહેવાથી..! મને માફ કરો. સાહેબ ...મને....! છોકરી જોરથી રડવા લાગી.હવે ઈન્સ્પેકટર પોતાના મિજાજમાં, ''એ છોકરી, તને ખબર છે ખોટી ફરીયાદ કરવાની સજા?''

છોકરીનો બાપ, 'સાહેબ અમને માફ કરો, પેલા સાહેબે કહેલું તારી ટયુશન ફી.... નહિ.... માફ કરો સાહેબ.'ઈન્સ્પેકટર ગુસ્સામાં, 'ચન્દ્રકાન્ત માસ્તર માટે આવું કાવતરું ? તેઓ પૈસા નથી કમાયા પણ ઈજ્જત સવાઈ કમાયા છે.'

છોકરીના બાપે માસ્તરના પગ પકડી લીધા. દીકરી ધ્રુસકે ધ્રુસકે રડે જતી હતી. માસ્તરે દીકરીને માથે હાથ મૂકયો. રડતી દીકરી અને તેના બાપને ભેટીને ચન્દ્રકાન્ત માસ્તરની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યા. માસ્તર એટલું જ બોલ્યા, 'ઈન્સ્પેકટર એમને જવાદો.'

શિક્ષકનો વ્યવસાય એ પવિત્ર વ્યવસાય છે. આ એક માત્ર વ્યવસાય છે જેમાં જીવંત બાળકો સાથે અઠ્ઠાવન વર્ષ સુધી શિક્ષક કામ કરે છે. મન અને બુધ્ધિનું ઘડતર કરે છે.શિક્ષક અર્કવાળો, તર્કવાળો, મધુપર્કવાળો અને સંપર્કવાળો હોવો જોઈએ.

''પણ હવે શું ?'' માસ્તરની ખૂરશી પૂછે છે.જે ઈજ્જત, માન મોભો આટલા વર્ષોની મહેનત પછી મેળવ્યો તો... હવે ગમે તેટલી માફી માગે તો... ય...!

વિચારોની પુખ્તતા ધારણ કરીને માસ્તર જવાબ આપે છે : અલી, તુ નહિ સમજે. સત્ય તો બહાર આવે જ. હા... વાર લાગે. નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વકનું કાર્ય સુફળ આપે છે. જીવનમાં ઘટનાઓ અને પ્રસંગો તો બનવાના જ. ધીરજ મોટો ગુણ છે. સત્ય બહાર આવે ત્યાં સુધી રાહ જોવી પડે. અને એ સમય પસાર કરવો ઘણો કપરો હોય છે. શિક્ષક અસાધારણ નથી એ તો સાધારણ વ્યકિત જ છે, પ્રામાણિકતા અને નિષ્ઠા જેવા ગુણો તેને અસાધારણ બનાવે છે. પ્રભાવશાળી શિક્ષકોને જ પ્રલય અને નિર્માણની વાતો કરવાનો હક અને અધિકાર હોઈ શકે. માસ્તરને મોરારીબાપુના પ્રવચનમાં સાંભળેલુ વાકય યાદ આવી ગયું, ''પોતાની પવિત્રતા દ્વારા સુવાસ ફેલાવે અને જે વિચારોથી નિવૃત્ત ન થાય તે જ સાચો શિક્ષક.''

મિસરી


'વિદ્યાર્થીઓમાં રહેલી સદ્વૃત્તિઓને જાગૃત કરે તે શિક્ષક'


(પૂ.મોરારીબાપુ)


# યે હસીં વાદિયાં યે ખુલા આસમાન

કાન્હાથી ૩૦૦ કિ.મી. દૂર પચમઢી ગયા. આપમને પંચમઢી - બોલવાની આદત છે. પરંતુ તેનો ઉચ્ચાર ખરેખર પચમઢી છે...

૧૮૫૭માં કેપ્ટન ફારસાથે આદિવાસીઓ સાથે મળીને આ પચમઢી (મઢી = ગુફા) પાંચ ગુફાઓ વાળા સ્થળની શોધ કરી હતી. વાસ્તવમાં









બૌદ્ધ ભિક્ષુઓ આ પાંચ ગુફાઓમાં બેસીને ધ્યાન કરતાં તે ઉપક્રમથી બતાવેલી, અથવા રચાયેલી આ ગુફા છે, પરંતુ હંમેશની જેમ આપણે કોઈ બાબતનો ધર્મ સાથે ખાસ કરીને રામાયણ મહાભારત સાથે જોડવામાં અવ્વલ છીએ. જેમાં કાંઈ ખોટું નથી! તેના કારણો સર આ પાંચ ગુફાઓને પાંડવગુફા નામાભિધાન કરવામાં આવ્યું અને... અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો અહીં પણ આવ્યા હતા તેવું સાંભળી દેખાયું. આનુ નિર્માણ ઈસા પૂર્વ છઠ્ઠી સાતમી સદીમાં થયાનું મનાય છે.

પચમઢીનું સૌથી આકર્ષક સ્પોટ 'બી' ફોલ છે... 'Bee Fall...' ભાગ્યે જ કોઈ પર્યટક આ ૧૫૦ ફુટ ઊંચાઈથી... પડતા આ ધોધ નીચે સ્નાન કર્યા વગર રહ્યું હશે...

અહીં ખૂબ જ મધમાખીઓ હોવાથી આનું નામ 'Bee Fall...' રાખવામાં આવ્યું... અહીંનું મધ પણ ખૂબ જ પ્રખ્યાત છે. અને સ્વાદમાં આ મધ થોડું તુરું હોય છે. કારણ કે મધમાખીઓ ઔષધીય વનસ્પતિના ફુલના રસથી મધ તૈયાર કરે છે, જેને કારણે આ મધનું ઔષધીય મહત્ત્વ વધુ છે.

બીજો સ્પોટ - રીજગઢ (RIDGE)' જેને અપભ્રંશ કરીને રીંછ ગઢ કરી દેવામાં આવ્યું છે. ચારે બાજુ પર્વતો અને ત્રણ દરવાજાઓ સાથે વચ્ચે નાનુ ફળિયા જેવું મેદાન... મસ્ત જગ્યા છે... અહીં અશોકા ફિલ્મ તથા 'તકદીર' ફિલ્મના શુટીંગ થયા છે.

સનસેટ જોવા માટે ત્યાં એક 'રાજેન્દ્રગીરી' નામક સ્થળ પણ સુંદર છે. આ સ્થળનું નામ 'પેનોરમા ગિરિ' હતું, કારણ કે ત્યાંથી પચમઢીની સાતપુરા પર્વતમાળાઓનો 'પેનોરેમિક વ્યુ' જોવા મળે છે. પરંતુ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ જયારે પચમઢી આવ્યા ત્યારે પછી તેનું નામ 'રાજેન્દ્ર ગિરિ' રાખવામાં આવ્યું.

ત્યાર પછી એક સ્થળ છે 'હાંડી ખો' - જેને સુસાઈડ પોઈન્ટ પણ કહેવાય છે. લોકવાયકા છે કે 'હાંડી' નામક અંગ્રેજો અહીંથી કૂદીને આત્મહત્યા કરી હતી માટે આ સ્થળનું નામ 'હાંડી ખો' છે... ૩૦૦ ફૂટ ઊંડી ઘાટીનું અદૃશ્ય મનોહમ્ય છે... વનવાસી લોકો આ ઘાટીમાં વેલાઓ દ્વારા ઉતરીને વનઔષધી લઈ આવે છે...




આ સ્પોટ પર ચડતી વખતે ચાલતા - ચાલતા જતા હતા તે દરમિયાન અમારા ગાઈડે એક આમલીના ઝાડ જેવા વૃક્ષના ડાળખામાંથી ઝીણું પાંદડું અમને આપ્યું અને તે નખ જેટલા પાંદડાને આવી જવા કહ્યું... તેને ખાતી વખતે કોઈજ પ્રકારનો સ્વાદ ન આવ્યો... ઉપર પહોંચીને તે ગાઈડે અમને લીંબુ શરબત વાળાને ત્યાંથી અમને મુઠ્ઠીમાં ખાંડ આપી અને ખાઈ જવા કહ્યું... આશ્ચર્યજનક રીતે તે ખાંડના બુકડો ભરવા છતાં કોઈ સ્વાદ નહોતો આવતો...

માત્ર તે સમય પૂરતું જ નહીં લગભગ ચાર-પાંચ કલાક સુધી અમારું મોઢું સ્વાદ રહીત થઈ ગયું. માત્ર નખ જેટલા પાંદડાનો આવો પ્રતાપ! તે ગાઈડે અમને સમજાવ્યું કે આ વનસ્પતિનો ઉપયોગ સુગરની દવા બતાવવા માટે થાય છે...

જટાશંકર, ગુપ્ત મહાદેવ અને બડે મહાદેવ એ ગુફાઓમાં સ્વયંભૂ શિવલિંગ વાળા મંદિર છે, કોઈ અદ્ભૂત શાંતિનો અનુભવ અહીં થાય છે. ધૂપગઢ અને અહીં મધ્યભારતમાં વિંધ્ય અને સાતપુડા પર્વતમાળાનું સૌથી ઊંચું બિંદુ છે... ભાગ્યે જ વપરાતી હવાઈપટ્ટી ધુપગઢ તરફ આવેલી છે. તેના પર ઘાસ ઊગી નીકળ્યું છે. ગુપ્ત મહાદેવથી ૧૪૦૦ જેટલા દુર્ગમ પગથિયા ચડીને ઉપર તરફ જઈએ એટલે ચૌરાગઢ નામક સુંદર શંકરનું મંદિર આવે છે... શિવરાત્રીના દિવસે અહીં મેળા જેવું વાતાવરણ હોય છે...

મધ્યપ્રદેશ ટુરીઝમની ઘણી સ્વચ્છ અને વિશાળ જગ્યામાં આવેલી હોટેલ રહેવા માટે ઉત્તમ છે. હોશંગાબાદ જિલ્લામાં આવેલું પચમઢી ૩૩૦૦ ફુટની ઊંચાઈ પર વસેલું નાનકડું શહેર છે. આ નગરનો મોટાભાગનો માર્ગ ભારતીય સેનાના તાબા હેઠળનો છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# જ્ઞાનનું દીવડાનું અજવાળું એક દિ જરૂર ફેલાશે

'હું અભણ છું કારણ કે અમારી ભણવાની ઉંમરે એટલી જાગૃતિ નહોતી, પરંતુ મારા બાળકોને થોડું ઘણું ભણાવ્યા છે. હવે આ મારા પૌત્રને તો મારે ડૉકટર કે એન્જીનીયર બનાવવો છે.'

આ શબ્દો છે ગુજરાતમા પૂર્વપટ્ટીના આદિવાસી વસતી ધરાવતા દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામના કાન્તાબેન મશુરભાઈ ભૂરિયાના.

ઊગતા સૂર્યનો પ્રદેશ તરીકે ઓળખાતો દાહોદ રાજસ્થાન અને મધ્યપ્રદેશ, એમ બે રાજયોના સીમાડે આવેલો છે. અહીં આદિવાસી સંસ્કૃતિ, વનસંપદા અને લોકકલાનો વૈભવારસો પુરબહારમાં ખીલ્યા છે. માત્ર આ એક જિલ્લો નહીં વનવાસી વિસ્તાર ધરાવતા તમામ જિલ્લાઓમાં હવે સર્વગ્રાહી વિકાસના નૂતન રંગો છલકાઈ રહ્યા છે.

છેલ્લા દોઢ દાયકામાં આદિવાસી કલ્યાણની અનેક યોજનાઓથી આદિવાસી સમાજના શૈક્ષણિક - આર્થિક અને સામાજિક વિકાસના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. આદિવાસી નવયુવાન હવે લેપટોપ લઈને શિક્ષણક્ષેત્રે દસ્તક દેતો થયો છે.

પરિવારની આર્થિક સ્થિતિ જરા પણ સારી નહિ. વનબંધુઓના વિસ્તારોમાં એ સમયે એવી સુવિધાઓ પણ પ્રાપ્ત હતી નહિ એટલે બાળકોને જેવું તેવું - જે શક્ય હતું તે ભણતર આપ્યું. મોટા પુત્ર રાજેશે ધોરણ આઠ સુધી અભ્યાસ કર્યો. પછી ભણવામાં આગળ મન ન લાગ્યું એટલે કામ ગોતવા માંડ્યો. એમાં કોઈકે ધ્યાન દોર્યું તો એની નોકરીનું ગોઠવાયું ને એ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરે છે.

બીજો પુત્ર કમલેશ તો વળી એનાથી પણ ઓછું શિક્ષણ પામ્યો. એમનાં માતાપિતા પણ રોજી-રોટી રળવામાં વ્યસ્ત હતા ને બાળકોને ભણાવવા જોઈએ એવી જાગૃતિનો પણ અભાવ એટલે એ તો માંડ પાંચ ધોરણ સુધી ભણ્યો. ગામડુ છોડીને બહુ મોટી સંખ્યામાં વનવાસીઓ અત્યારે શહેરોમાં ચાલતા બાંધકામના કામોમાં મજૂરી કરીને આર્થિક રીતે સ્વનિર્ભર બનતા જાય છે. કમલેશ પણ એવી જ રીતે વડોદરા શહેરમાં કામે ગોઠવાયો ને બાંધકામ ક્ષેત્રે મજુરી કરતો થયો. કડીયા કામમાં એને ફાવટ આવતી ગઈ તે ઘરનું ગુજરાત ચાલવા માંડ્યું. કમલેશની પત્નીએ ધોરણ આઠ સુધી અભ્યાસ કર્યો છે એટલે એનામાં સ્ત્રી સહજ શિક્ષણ પ્રત્યેની જાગૃતિ થોડી વધુ છે. એના દીકરા પ્રજ્ઞેશને વતનના ગામમાં દાદીએ જયારે ધોરણે એકમા શાળામાં પ્રવેશ કરાવ્યો ત્યારે લેખના આરંભે લખેલા શબ્દો કાન્તાબેન કહેતા હતા. એમની પોતાની અને એમના બાળકોની જિંદગી ભલે મજુરી કામમાં ગઈ પરંતુ એનો પૌત્ર ભણી ગણીને ખુબ આગળ વધે એવી એમને આશા છે.

આવો જ બીજો કિસ્સો આ ગામના જ સુરેશભાઈ રમેશભી સંગાડાનો છે. એ અમદાવાદમાં રહીને કડીયાકામ કરે છે. એમના પત્ની રસીલાબહેન ગામમાં રહીને છોકરાને ભણાવે છે. તેઓએ એમની દીકરીઓને પણ ભણાવી છે ને હવે દીકરા દેવરાજને શાળા પ્રવેશોત્સવમાં ધોરણ એકમા દાખલ કરીને એના શ્રેષ્ઠ ભણતર માટેની ઈચ્છા પ્રગટ કરી હતી.

મોટી સંખ્યામાં એવા મા-બાપ શાળામાં આવ્યા હતા જેઓ પોતે અભણ રહ્યા હતા અથવા માત્ર ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હતો. એમને અભ્યાસના અભાવે મજૂરી કરીને - પરંપરાગત શૈલીમાં જીવન વેંઢારવું પડ્યું એની વેદના હતી. એટલે જ એમના બાળકો અથવા એમના પૌત્રો દીર્ઘ સૂત્રી શિક્ષણ પામે, રાજય સરકારના પ્રજાકલ્યાણના કાર્યોને લોભ લે અને જીવનમાં આગળ વધે એવી એમની આશા હતી.

રીનાબેન વિનોદભાઈ પારગી આવું જ પાત્ર હતા જેમણે તેમની પુત્રી અંજલિને ધોરણ એકમાં દાખલ કરીને કહ્યું કે 'મારે તો આને ખુબ ભણાવવી છે અને સરકારી અમલદાર બનાવવી છે. એનો અભ્યાસ વચ્ચેથી અટકે નહિ એની કાળજી હું રાખીશ અને એને ભણાવીશ.'




વનવાસી ક્ષેત્રોમાં આવેલા ગુજરાતના દાહોદ જેવા કુલ મળીને અગિયાર જિલ્લાઓ છે જયાં આદિવાસી લોકો રહે છે. પ્રકૃતિના ખોળે - પહાડોના સાનિધ્યમાં એમની જીંદગી દાયકાઓથી પસાર થતી આવી છે. સરકાર સમાજ અને સ્વયં પોતાની, એમ બધી બાજુની જાગૃતિ ઓછી એટલે શિક્ષણની આ સમાજ વંચિત રહ્યો હતો... ઠીક હવે છોકરા બે-ચાર ચોપડી ભણે એટલે બહુ થયું. એ પણ એને મનગમતી ને ફાવતી મજૂરી કરી ખાય...

પરંતુ નરેન્દ્ર મોદીએ આજથી દોઢ દાયકા પહેલા ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ શરુ કરાવ્યો. એના પરિણામે નેતાઓને અધિકારીઓ ધોમધખતા તાપમાં પણ ગામડામાં જતા થયા, ઢોલ - નગારા ને ત્રાંસા વાગતા થયા... બાળકોને શાળામાં પ્રવેશનો ઉત્સવ થયો, એમને પાટી-પેન-દફતર ને રમકડાં મળ્યા...

આમ સામાજિક જાગૃતિ આવી.લોકોને શિક્ષણનું મહત્ત્વ સમજાયું ને આજે હવે વનવાસી ક્ષેત્રોમાં પણ સમજદારી સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાની - બાળકોને ભણાવવાની પ્રબળ ઈચ્છા માતા - પિતામાં જાગૃત થઈ છે.

પ્રાથમિક શાળાનું શિક્ષણ એ વ્યક્તિના ઘડતરનો પાયો છે. ત્યારે જે બીજ રોપાય છે એ પુરી જિંદગી એને સાથ આપે છે. એથી જ માતા-પિતા અને રાજય સરકાર કે કેન્દ્ર સરકાર કે પછી સમાજે પ્રાથમિક શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. જેટલું મજબૂર અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ હશે એટલું એ બાળક ભવિષ્યમાં વધુ નીખરશે.

રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કારણે અંતરિયાળ અને છેવાડાના ગામડામાં આવનારા સમયમાં જરૂર દેખાશે. ગરીબ કે શ્રમિક પરિવારોના, ખેડૂતોના ને વનવાસીઓના સંતાનો ઉચ્ચ અભ્યાસ કરીને પોતાની શ્રેષ્ઠ કારકિર્દીનું નિર્માણ કરે ત્યારે એમની આસપાસ જ્ઞાનના દીવડાનું અજવાળું રેલાય છે.

●●●

**વિદ્યા દદાતિ વિનયં, વિનયાદ્ યાતિ પાત્રતામ ।**
**પાત્રત્વામ ધનમાપ્રોતિ, ધનાત ધર્મ તતઃ સુખમ ॥**
**- વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા, પાત્રતાથી ધન, ધનથી ધર્મ, ધર્મથી સુખ મળે છે.**